## વલસાડમાં ફૂડ વિભાગે લાલ આંખ કરતાં ગંદકી અને બેદરકારી બદલ હોટલો પર તવાઈ



# અબ્રામાની 'સબ્જીવાલા'નું લાઈસન્સ રદ

**કિચનમાં** ભારે ગંદકી અને અસ્વચ્છતા જોવા મળી

**પાણીનો** ટેસ્ટિંગ રિપોર્ટ, મેડિકલ સર્ટિફિકેટ કે પેસ્ટ કંટ્રોલના પુરાવા ન મળતા નોટિસ

**મુસાફરોના** સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા બદલ કાર્યવાહી

વલસાડ : ઝગમગતા ડાઇનિંગ એરિયા અને મોંઘા ભાવ વસૂલીને કિચનમાં કચરો તથા ગંદકી પીરસતા હોટલ સંચાલકો સામે વલસાડ ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી નફો રળતી બેદરકાર હોટલો પર જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ તંત્રએ તવાઈ બોલાવી છે. ઓચિંતા હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન હોટલોના રસોડામાં એવી ક્ષતિઓ સામે આવી કે ફૂડ સેફ્ટી વિભાગે સીધા શટર ડાઉન કરાવવાની નોબત આવી છે. ધરમપુર પર અબ્રામા વિસ્તારમાં આવેલી સબ્જીવાલા હોટલના કિચનમાં ભારે ગંદકી અને અસ્વચ્છતા જોવા મળતા ફૂડ વિભાગે જરાય ઢીલ મૂક્યા વિના તાત્કાલિક અસરથી તેનું લાઈસન્સ સ્થગિત (સસ્પેન્ડ) કરી દીધું છે. આ સાથે અબ્રામા સ્થિત ચટુરા વેન્ચરમાં પણ સ્વચ્છતાના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતાં. ગ્રાહકોને અપાતા પાણીનો ટેસ્ટિંગ રિપોર્ટ, કર્મચારીઓના મેડિકલ સર્ટિફિકેટ કે પેસ્ટ કંટ્રોલના કોઈ પુરાવા ન મળતા તંત્રએ કડક શબ્દોમાં ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારી છે. નેશનલ હાઈવે-48, પારડીની રામદેવ રેસ્ટોરન્ટ હાઈવે પર મુસાફરોના સ્વાસ્થ્ય સાથે રમત રમતી આ રેસ્ટોરન્ટમાં પણ ગંદકી અને જરૂરી દસ્તાવેજો (પાણી રિપોર્ટ, પેસ્ટ કંટ્રોલ, મેડિકલ)નો અભાવ જણાતા સુધારો કરવાની આખરી નોટિસ અપાઈ છે.

વલસાડ અને ડાંગ જિલ્લાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસર આશિષ વળવીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, નફાખોરી માટે લોકોના જીવ જોખમમાં મુકનારા તત્ત્વો સામે કોઈ પણ પ્રકારની ભલામણ ચલાવી લેવાશે નહીં. આ ચેકિંગ આગામી દિવસોમાં વધુ આક્રમક બનશે.



### હાલરની 'ગોપાલ ડેરી'માંથી 57 કિલો શંકાસ્પદ પનીર ઝડપાયું

વલસાડ : વલસાડ શહેરના હાલર તળાવ સામે આવેલી ગોપાલ ડેરીમાં ફૂડ વિભાગે અચાનક દરોડો પાડતાં ત્યાંથી કોઈપણ પ્રકારના લેબલ વિનાનો 57 કિલોગ્રામ શંકાસ્પદ પનીરનો જથ્થો ઝડપાઈ જતાં ચકચાર મચી ગઈ હતી. ડેઝિગ્નેટેડ ઓફિસર એ.આર. વલવીના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફ્ટી ઓફિસર ભાવિકા પટેલની ટીમે ડેરીમાં સઘન ચકાસણી હાથ ધરતા બિનઅધિકૃત રીતે સંગ્રહાયેલું અંદાજે 15,775ની કિંમતનું 57 કિલો પનીર મળી આવ્યું હતું. અધિકારીઓએ પનીરનો કાયદેસરનો નમૂનો લઈ તેને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યો હતો. અધિકારી એ.આર. વલવીએ જણાવ્યું હતું કે, બજારમાં એનાલોગ પનીરના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ છે અને નિયમ મુજબ માત્ર શુદ્ધ દૂધમાંથી બનેલું પનીર જ વેચી શકાય છે. વેચાણ માટે રાખવામાં આવેલા પનીર પર 'મિલ્ક પનીર', 'લો ફેટ પનીર' કે 'ફૂલ ફેટ પનીર'નું સ્પષ્ટ વિગત દર્શાવતું લેબલ હોવું અનિવાર્ય છે. જો લેબલ ન હોય તો તેને શંકાસ્પદ એનાલોગ પનીર ગણીને તુરંત નાશ કરવાનો નિયમ છે, જે અંતર્ગત આ પગલું લેવાયું છે. ગોપાલ ડેરીમાંથી લેવાયેલા સેમ્પલનો લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ સંચાલક સામે કાયદેસરની વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## રક્ષાબંધન પહેલાં વાંસદામાં ફૂડ વિભાગનું ચેકિંગ જરૂરી

**સેમ્પલ** લીધા બાદ રિપોર્ટ આવે ત્યાં સુધીમાં હજારો કિલો મીઠાઈ લોકો આરોગી જતા હોવાની રજૂઆત

વાંસદા : વાંસદામાં રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે મીઠાઈની દુકાનો તેમજ હોટલોમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ખાસ કરીને તહેવાર પહેલા જ મીઠાઈના નમૂના લઈ તેની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે અને રિપોર્ટ પણ તહેવાર પહેલા ઉપલબ્ધ થાય તેવી માંગ કરવામાં આવી રહી છે.

વાંસદાથી સાપુતારા તરફ જવા માટેનો મુખ્ય માર્ગ હોવાથી અહીં મોટી સંખ્યામાં હોટલો અને ખાણીપીણીના સ્થળો આવેલા છે. ચોમાસાની સિઝનમાં ડાંગ-સાપુતારા તરફ પ્રવાસીઓની અવરજવર વધતી હોવાથી શનિ-રવિવારે વાંસદાની હોટલોમાં ભારે ભીડ જોવા મળે છે અને પાર્કિંગ માટે પણ જગ્યા ઓછી પડે છે. આ વર્ષે રક્ષાબંધનનો તહેવાર 28 ઓગસ્ટે આવવાનો હોવાથી મીઠાઈના વેચાણમાં પણ વધારો થવાની શક્યતા છે. આવા સમયે મીઠાઈની ગુણવત્તા, વપરાતા દૂધ-માવા તેમજ અન્ય ખાદ્ય સામગ્રીની ચકાસણી કરવી જરૂરી બની છે. સ્થાનિકોની રજૂઆત મુજબ ઘણી વખત ફૂડ વિભાગ દ્વારા તહેવારના એક-બે દિવસ પહેલા મીઠાઈના સેમ્પલ લેવામાં આવે છે, પરંતુ તેના પરીક્ષણનો રિપોર્ટ તહેવાર પૂર્ણ થયા બાદ આવે છે. ત્યાં સુધીમાં મોટી માત્રામાં મીઠાઈ લોકો દ્વારા આરોગી લેવામાં આવતી હોય છે. તેથી આ વર્ષે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા અગાઉથી જ વાંસદાની મીઠાઈની દુકાનો અને હોટલોમાં ચેકિંગ કરી સેમ્પલ લેવામાં આવે અને રક્ષાબંધન પહેલા તેની તપાસના પરિણામો જાહેર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જેથી ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા ન થાય.

## હલ્દ્વાની ઘટનાને પગલે નવસારીમાં કોંગ્રેસનું પ્રદર્શન

**શુદ્ધિકરણ'ના** મુદ્દે ઇન્દિરા ગાંધીની પ્રતિમાથી આંબેડકર પ્રતિમા સુધી મૌન રેલી નીકળી



નવસારી: હલ્દ્વાની ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની શિબિર બાદ ભાજપ દ્વારા ગંગાજળથી શુદ્ધિકરણ કરવામાં આવ્યું હોવાના મુદ્દે નવસારી શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કોંગ્રેસે આ ઘટનાને દલિત સમાજની લાગણી સાથે જોડીને ભાજપ સામે વિરોધ નોંધાવ્યો હતો.

જૂનાથાણા ખાતે કોંગ્રેસના શહેર-જિલ્લા પ્રમુખ શૈલેષ પટેલ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ઇન્દિરા ગાંધીની પ્રતિમાને દૂધ અને જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્યાંથી બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી મૌન સત્યાગ્રહ રેલી યોજવામાં આવી હતી. રેલી દરમિયાન કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મૌન રહી વિરોધ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં શહેર-જિલ્લા કોંગ્રેસ ઉપરાંત મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ અને સેવાદળના આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું હતું કે દેશના બંધારણમાં સમાનતા અને સામાજિક ન્યાયના મૂલ્યોને મહત્વ આપવામાં આવ્યું છે ત્યારે કોઈપણ સમાજની લાગણી દુભાય તેવી ઘટનાઓ સામે લોકશાહી પદ્ધતિથી વિરોધ નોંધાવવો જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન ભાજપની નીતિઓ સામે પણ કોંગ્રેસ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## શાળા પ્રવેશોત્સવના દિવસે ઓરડાના સ્લેબમાંથી પાણી ટપકવા લાગ્યું

**વાંસદાની** ખંભાલીયા પ્રાથમિક શાળામાં ભ્રષ્ટાચારની પોલ ખુલી



વાંસદા : વાંસદાના ખંભાલીયા પ્રાથમિક શાળામાં નવનિર્મિત ઓરડાના બે જ મહિનામાં સ્લેબમાંથી પાણી ટપકવા માંડ્યું છે, વાલીઓ-ગ્રામજનોએ શાળાએ પહોંચી નિરીક્ષણ કરાતા બાંધકામની ગુણવતા સામે સવાલો ઉઠ્યા છે.

મળતી માહિતી મુજબ, વરસાદ દરમિયાન ઓરડાના સ્લેબમાંથી અનેક જગ્યાએથી પુષ્કળ પાણી ટપકતું હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત ઓરડાની દિવાલો તેમજ પગથિયાંના બાંધકામમાં પણ મજબૂતાઈ જળવાઈ ન હોવાના આક્ષેપો ગ્રામજનો અને વાલીઓ દ્વારા કરવામાં આવ્યા છે. આ બાબતની જાણ થતાં વાંસદા વિધાનસભા પ્રમુખ ગૌરાંગ પટેલ સહિત ગ્રામજનો અને વાલીઓ શાળાએ પહોંચ્યા હતા અને સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. સરકાર દ્વારા આદિવાસી વિસ્તારના બાળકોને સારી શૈક્ષણિક સુવિધા મળી રહે તે માટે શાળાઓમાં નવા ઓરડા સહિતની સુવિધાઓ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ નવનિર્મિત બાંધકામમાં આટલા ટૂંકા સમયમાં ખામીઓ સર્જાતા કામની ગુણવત્તા અને સંભવિત ગેરરીતિ અંગે ચર્ચા શરૂ થઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, બાંધકામ દરમિયાન સંબંધિત અધિકારીઓ દ્વારા યોગ્ય સ્થળ નિરીક્ષણ અને દેખરેખના અભાવે આ સ્થિતિનું નિર્માણ થયું છે. જેને લઈ સમગ્ર બાંધકામની ગુણવત્તા તપાસ કરી જવાબદાર કોન્ટ્રાક્ટર સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ ઉઠી છે.

## નવસારી જિલ્લામાં મફત ફોલ-બીડિંગ'ની લાલચે ઠગાઈ

**નવસારીમાં** મહિલાઓ પાસેથી સાડીઓ પરત લઈ જઈને ઠગાઈ આચરવાના એકસરખા ત્રણ બનાવ

નવસારીઃ જિલ્લામાં સાડી વેચવાના બહાને મહિલાઓ પાસેથી સાડીઓ પરત લઈ જવાના ત્રણ બનાવ સામે આવ્યા છે. મરોલી, ગણદેવી અને બીલીમોરા પોલીસ મથકમાં ફરિયાદો નોંધાતા એકસરખી રીતથી છેતરપિંડી થયાનું સામે આવ્યું છે.

જલાલપોરના છીણમ ગામે અસ્મીતાબેન નાયક સહિતની મહિલાઓ પાસેથી રૂપિયા 18,881ની 8 સાડીઓ વેચી, મફત ફોલ-બીડિંગ કરી આપવાના બહાને સાડીઓ લઈ જઈ પરત ન આપતાં મરોલી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. અમલસાડની પૂર્ણિમા સોસાયટીમાં 72 વર્ષીય હંસાબેન મહેતા સહિત 5 મહિલાઓ પાસેથી રૂપિયા 58 હજારની સાડીઓ વેચી ફોલ લગાવવાના બહાને લઈ જતાં ગણદેવી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બીલીમોરામાં જાગૃતિબેન ટેલર સહિતની મહિલાઓ પાસેથી રૂપિયા 10,200ની 6 સાડીઓ વેચી મફત ફોલ-બીડિંગના બહાને લઈ જઈ પરત ન આપતાં બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ત્રણેય બનાવમાં એકસરખી રીત જોવા મળતાં પોલીસે ગુના નોંધી સંડોવાયેલા શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

### સત્તાનો દુરુપયોગના કેસમાં સસ્પેન્ડ કરાયેલા

## સરપંચ-ઉપસરપંચને સત્તા પર સ્થાપિત કરવા આદેશ

**સોળસુંબાના કેસની** નવેસરથી ચકાસણી કરી નિર્ણય લેવા માટે ફાઈલ ફરી જિલ્લા વિકાસ અધિકારીને પરત મોકલાઈ



ઉમરગામ : સત્તાનો દુરુપયોગના કેસમાં સસ્પેન્ડ કરાયેલા ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ તથા ઉપસરપંચને સત્તા ઉપર ફરી પુનઃસ્થાપિત કરવાનો અધિક વિકાસ કમિશનરે હુકમ કર્યો છે.

ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ બળદેવભાઈ સુરતી તથા ઉપસરપંચ સભ્ય અમિતભાઈ પટેલને સત્તાનો દુરુપયોગ છેતરપિંડી ભ્રષ્ટાચારના કેસમાં હોદ્દા ઉપરથી દૂર કરવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી વલસાડ દ્વારા કરવામાં આવ્યો હતો. આ હુકમ અધિક વિકાસ કમિશનર ગાંધીનગર દ્વારા રદ કરી ચકાસણી કરીને નવેસરથી નિર્ણય લેવા કેસ પરત જિલ્લા વિકાસ અધિકારીને મોકલવામાં આવ્યો છે અને સરપંચ બળદેવભાઈ સુરતી અને ઉપસરપંચ અમિતભાઈ પટેલને ફરી હોદ્દા ઉપર પુનઃ સ્થાપિત કરવાનો હુકમ અધિક વિકાસ કમિશનર ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યો છે.

## વાપીમાં પ્રોફેશનલ ટેક્ષ ભરવાની સુવિધા ઓનલાઈન

**કરદાતાઓ** પ્રોપર્ટી ટેક્સ ઓનલાઇન ભરવાની સુવિધાનો લાભ લે તે માટે માર્ચ -૨૦૨૭ સુધી ૧ ટકા રિબેટનો લાભ મળશે

વાપી : વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગની વધુ બે સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે. કરદાતાઓને વધુ સેવાઓ ઘરબેઠા ઉપલબ્ધ કરાવવા કમિશનર એન. એફ. ચૌધરી અને નાયબ કમિશનર કિરણસિંહ રણાના માર્ગદર્શન હેઠળ ઘરવેરા વિભાગનું વધુ ડીજીટાઈઝેશન કરવામાં આવ્યું છે. નાગરિકો માટે હવે આકારણી પત્રક અને બંને પ્રકારના પ્રોફેશનલ ટેક્ષ ભરવાની સુવિધા ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. આ અંગે ટેક્ષ વિભાગના હેડ ક્લાર્ક રાકેશ જણાવ્યું છે કે મિલકત ધારકે આકારણી પત્રક માટે વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ vapicity.in ઉપર પોતાના રજીસ્ટર્ડ મોબાઈલ નંબરથી લોગ ઈન કરવાનું રહેશે. ત્યાર બાદ જો પ્રોપર્ટી ટેક્ષ બાકી હોય તો તે પૂર્ણ કર્યા બાદ રૂપિયા ૨૦ ની સત્તાવાર ફી ભરીને ઓનલાઈન આકારણી પત્રક મેળવી શકાશે. આકારણી પત્રક માટે હવે કોઈ સહી સિક્કાની જરૂર રહેશે નહીં. આકારણી પત્રક પર મૂકવામાં આવેલા બારકોડથી પણ તેની ખરાઈ કરી શકાશે. પ્રોફેશનલ ટેક્ષના કરદાતાઓ માટે પણ RC (રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ) અને EC (એનરોલમેન્ટ સર્ટીફિકેટ) નોંધાવવાની તથા તેનો ટેક્ષ ભરવાની સેવાઓને હવે સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવી છે. પોતાના સ્વતંત્ર વ્યવસાય માટે EC ના કરદાતાઓ દર વર્ષે અને જે વેપારીઓ કે સંસ્થાઓ પોતાને ત્યાં કર્મચારીઓ રાખે છે તે RC ના કરદાતાઓ દર મહીને વેબસાઈટ પર જરૂરી ફોર્મ ભરીને અપલોડ કરી પોતાનો પ્રોફેશનલ ટેક્ષ ઓનલાઈન ભરી શકશે. ઘરવેરા વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે કે પ્રોપર્ટી ટેક્ષ ઓનલાઈન ભરવાની સુવિધાનો કરદાતાઓ વધુ લાભ લે એ માટે માર્ચ-૨૦૨૭ સુધી ૧% રિબેટનો લાભ આપવામાં આવી રહેલ છે.

## નવા ખરીદેલા ટાયરો એક જ દિવસમાં ફાટી જતાં હોબાળો

**વલસાડના** 'સુપર સાયકલ સ્ટોર'માંથી ગણેશ મંડળના સભ્યોએ મૂર્તિના આગમન માટે ટ્રોલી/રથ અર્થે નવા ટાયરો ખરીદ્યા હતા



વલસાડ : પવિત્ર ગણેશોત્સવ નજીક આવી રહ્યો છે ત્યારે વલસાડ શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વલસાડના એસ.ટી. ડેપો પાસે આવેલા જાણીતા સુપર સાયકલ સ્ટોરમાંથી ગણેશ મંડળના સભ્યો દ્વારા ખરીદવામાં આવેલા નવા ટાયરો એક જ દિવસમાં ફાટી જતાં મંડળના કાર્યકરો અને સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, વલસાડના એક સ્થાનિક ગણેશ મંડળના સભ્યોએ ગણેશજીની મૂર્તિનું આગમન અને ટ્રોલી/રથ માટે એસ.ટી. ડેપો પાસે આવેલ 'સુપર સાયકલ સ્ટોર' માંથી નવા ટાયરોની ખરીદી કરી હતી. જોકે, આ નવા ટાયરો વાપર્યાના ચોવીસ કલાકની અંદર જ ધમાકા સાથે ફાટી ગયા હતાં. ટાયરની નબળી ગુણવત્તા અને છેતરપિંડીથી નારાજ થયેલા ગણેશ મંડળના સભ્યો તાત્કાલિક સુપર સાયકલ સ્ટોર ખાતે પહોંચ્યા હતા.

ગણેશ મંડળના સભ્યોએ દુકાનદાર પાસે ટાયર બદલી આપવાની કે યોગ્ય વળતર આપવાની માંગ કરી હતી. પરંતુ વેપારી દ્વારા યોગ્ય પ્રતિસાદ ન મળતાં અને તકરાર થતાં બંને પક્ષ વચ્ચે મામલો અત્યંત ઉગ્ર બન્યો હતો. ઘટનાસ્થળે સભ્યોનો ભારે આક્રોશ જોતાં વાતાવરણ ગરમાયું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિકો દ્વારા તુરંત 112 ઈમરજન્સી પર જાણ કરવામાં આવી હતી. બનાવની માહિતી મળતા જ પોલીસની 112 ની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી અને બંને પક્ષોને શાંત પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગણેશ મંડળના સભ્યોએ હલકી ગુણવત્તાનો સામાન વેચતા વેપારી સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

### વલસાડમાં ફટાકડા ફોડતા બુલેટ રાજાઓ સામે કાર્યવાહી



વલસાડ : વલસાડ શહેરમાં બુલેટમાં મોડિફાઈડ સાયલેન્સર લગાવી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બાઇકચાલકો સામે પોલીસે લાલ આંખ કરી છે. છેલ્લા બે દિવસમાં પોલીસે ચેકિંગ હાથ ધરીને ૧૫થી વધુ મોડિફાઈડ સાયલેન્સરવાળી બુલેટને ડિટેઈન કરી છે. આજે ૬ થી વધુ બુલેટ ઝડપી પાડવામાં આવી હતી. પોલીસે માત્ર બાઈક ડિટેઈન કરવા સુધી સીમિત ન રહેતા, વાહનોમાંથી સાયલેન્સર સ્થળ પર જ કઢાવી ચાલકોને કાયદાનું ભાન કરાવ્યું હતું.

## શાળાની જમીનની NA મંજૂરી મામલે માતા-પુત્ર સામે ગુનો

**ખેરગામની પુષ્પશાંતિ** શાળાનું ગ્રાઉન્ડ પ્લસ બે માળનું ૨૭ ઓરડાવાળું બાંધકામ છતાં અરજીમાં અલગ વિગતો દર્શાવાય

નવસારી : ખેરગામમાં શાળાના બાંધકામવાળી જમીનને બિનખેતી કરાવવા ખોટી વિગતો રજૂ કરાતા માતા નયના કંસારા અને પુત્ર ભોતેષ કંસારા સામે નવસારી રૂરલ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. સર્વે બ્લોક નં. 25 ની જમીન માટે iORA પોર્ટલ પર NA મંજૂરી મેળવવા અરજી કરાઈ હતી. અરજદાર મુસ્તાનશીરની રજૂઆત બાદ તપાસ કરતા સામે આવ્યું કે જમીન પર ૨૦૦૮-૦૯થી 'શાંતિનિકેતન એજ્યુકેશન ટ્રસ્ટ' સંચાલિત પુષ્પશાંતિ શાળાનું ૨૭ ઓરડાવાળું બાંધકામ હતું. છતાં અરજીમાં ખોટા ફોટોગ્રાફ્સ રજૂ કરાયા હતા. આ ઉપરાંત, ચીખલી કોર્ટના દીવાની કેસની વિગતો છુપાવવામાં આવતા નાયબ મામલતદાર અમિત દેસાઈની ફરિયાદના આધારે પીએસઆઈ સૈયદ તપાસ ચલાવી રહ્યા છે.


**TPL PLASTECH LIMITED**

Registered Office: 102, 1st Floor, Centre Point, Somnath Daman Road, Somnath, Dabhel, Nani Daman, Dadra and Nagar Haveli and Daman and Diu (U.T.) - 396 210

**NOTICE FOR LOSS OF SHARE CERTIFICATE(S)**

Notice is hereby given that the certificate(s) of TPL Plastech Ltd. for the under mentioned securities are stated to have been lost or misplaced and the registered holders have applied to the Company for issue of duplicate Share certificate(s). Any person who has /have a claim(s) in respect of the said security(ies) should lodge such claim(s) in writing with R & T Agents of Company viz. MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) C-101, Embassy 247, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083 within 7 (Seven ) days from this date else the company will proceed to issue duplicate certificate without further intimation.

| Sr. No. | Name of the Shareholder | Registered Folio. No | Certificate No. | Distinctive No's | | No of Shares |
|---|---|---|---|---|---|---|
| 1. | Pramod Pitambar Sheth<br>Padmaja Pramod Sheth<br>(1st Joint ) | 0002538 | 260 | 481251 | 498250 | 17000 |

(AUTHORISED SIGNATORY)
sd/-
TPL Plastech Ltd

PLACE : MUMBAI
DATE : 19-08-2026